કાર્યાલય : ૨૧૦, બીજે માળે, બાલક્રિષ્ન કોમ્પલેક્ષ, ટેલીફોન એક્ષચેન્જની સામે, જીઆઇડીસી ઓફીસની પાછળ, ચાર રસ્તા, વાપી. ફોન:૨૪૨૪૬૪૬, ૯૩૭૫૮૬૧૩૧૩ gujaratmitravapi@yahoo.in
વલસાડ: ૨૫૩૧૦૦, ૯૮૨૫૧૪૪૪૬૫, કિલ્લા પારડી : ૯૮૨૫૧૩૦૦૩૧, ધરમપુર/કપરાડા: ૯૪૨૯૧૪૩૯૯૮, નાનાપોંઢા: ૯૯૪૭૬૬૧૮૪૦, ઉમરગામ: ૯૯૦૪૧૯૩૫૨૮, દમણ: ૯૮૨૪૭૧૭૯૩૭, સેલવાસ: ૯૯૦૪૪૬૧૪૮૬

# દમણ મ્યુનિસિપલ કાઉન્સીલના પ્રમુખ અનિલ ટંડેલ સામેની અવિશ્વાસની દરખાસ્ત ૯ વિરૂધ્ધ ૨ મતે પસાર

## દરખાસ્ત મુકનાર ૫ અપક્ષોને ભાજપના ૪ સભ્યોએ ટેકો આપ્યો : માછી મહાજન, ભાજપ અને કોંગ્રેસના ગઢબંધનનો થયેલો ફિયાસ્કો : કોંગ્રેસી સભ્યો પણ ગેરહાજર રહ્યા

વાપી, તા.૪ : સંઘપ્રદેશ દમણ મ્યુનિસિપલ કાઉન્સીલના પ્રમુખ અનિલ ટંડેલ સામે મુકવામાં આવેલી અવિશ્વાસની દરખાસ્ત આજે નવ વિરૂધ્ધ બે મતે પસાર થઈ જતા અનિલ ટંડેલના લીંબુ ઉછાળ રાજનો આજે અંત આવ્યો હતો. નવા પ્રમુખની વરણી થાય ત્યાં સુધી મહિલા ઉપપ્રમુખ સિમ્પલ કાટેલા પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળશે.

ગત વર્ષે દમણ મ્યુનિસિપલ કાઉન્સીલની ચૂંટણીમાં જે જનમત આવ્યો હતો તેમાં માછી મહાજન, કોંગ્રેસ, ભાજપ અને અપક્ષોનો શંભુમેળો રચાયો હતો. કોઈપણ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળતા કોંગ્રેસ, ભાજપ અને માછી મહાજનના સભ્યોએ ભેગા મળીને ગઠબંધન રચી ૧૧ મહિના માટે દરેક જુથના સભ્ય પ્રમુખ બને તેવી ફોર્મ્યુલા નક્કી કરી હતી. જેમાં પ્રથમ માછી મહાજનના જીજ્ઞેશ ટંડેલ ૧૧ માસ પ્રમુખ રહ્યા બાદ ગત મહિને કોંગ્રેસના અનિલ ટંડેલ પ્રમુખ બન્યા હતા. અનિલ ટંડેલના પ્રમુખ બન્યા બાદ અપક્ષ જુથના મનોજ નાયકે તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી. જે સંદર્ભે આજે વિશેષ સામાન્ય સભા યોજાઈ હતી અને અવિશ્વાસની દરખાસ્ત ઉપર મતદાન હાથ ધરાયુ હતું. આજની સભામાં મ્યુનિસિપલ કાઉન્સીલના ૧૫ સભ્યો પૈકી ૧૧ સભ્યો હાજર રહ્યા હતા. જેમાં પ્રમુખ અનિલ ટંડેલ સામેની અવિશ્વાસની દરખાસ્તની તરફેણમાં ૯ સભ્યોએ મતદાન કર્યુ હતું. જ્યારે દરખાસ્તની તરફેણમાં ૨ મતો પડ્યા હતા.


તસ્વીર: મનોજ ભંડારી

દરખાસ્તની તરફેણમાં ૫ અપક્ષોમાં મનોજ નાયક, ઈન્દ્રીશ મુલ્લા, નિલા રાણા, સંગીતા પટેલ, કપીલા ઓડ, ઉપરાંત ભાજપના અશોક કાશી, પુષ્પા ધોડી, જીતેન્દ્ર કોદરાવાલા અને સિંપલ ટંડેલે મતદાન કર્યુ હતું. આમ ભાજપના ચાર સભ્યોએ મનોજ નાયકની દરખાસ્તને ટેકો આપ્યો હતો. અનિલ ટંડેલની તરફેણમાં અનિલ ટંડેલનો પોતાનો એક મત ઉપરાંત માછી સમાજના પ્રકાશ ટંડેલનો મત પડ્યો હતો. કોંગ્રેસના જીજ્ઞેશ ટંડેલ, મુકેશ પટેલ, શૌકત મીઠાણી અને ફકીર મહોમદ ગેરહાજર રહ્યા હતા. કોંગ્રેસના બેનર પર ચૂંટાયેલા અનિલ ટંડેલને સત્તા પરથી હટાવવા માટે તેમના જ પક્ષના નેતાઓ કામે લાગ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અપક્ષ જુથના નેતા મનોજ નાયકનું મુળ ગૌત્ર કોંગ્રેસ છે અને તેમણે નગરપાલિકાની ચૂંટણી પહેલા જ કોંગ્રેસના તંબુમાંથી બહાર આવી જવાનું મુનાસીબ માની અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. હવે તેમણે દમણ મ્યુનિસિપલ કાઉન્સીલ કબ્જે કરવા માટે ૫ અપક્ષો માટે ભાજપના ૪ સભ્યોનો ટેકો મેળવી લીધો છે. મનોજ નાયક આજે કોંગ્રેસના સભ્યોને સભામાં ગેરહાજર રાખવામાં સફળ થયા હોવાની ચર્ચા ચાલી રહી છે.અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે, નવા પ્રમુખની વરણી થાય ત્યાં સુધી હાલમાં મહિલા ઉપપ્રમુખ સિમ્પલ કાટેલા કાઉન્સીલના પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળશે જે દમણ મ્યુનિસિપલ કાઉન્સીલના ઈતિહાસમાં પ્રથમ મહિલા પ્રમુખ બનવાનું સન્માન મેળવશે. સંભવત આવતા મંગળવારે અથવા બુધવારે નવા પ્રમુખની ચૂંટણી જાહેર થશે.

# દાનહમાં હવે યુઆઈડી કાર્ડની જગ્યાએ એનપીઆર નંબર અપાશે

સેલવાસ, તા.૩ : સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના પ્રશાસન દ્વારા ભારત સરકારના આદેશ મુજબ સેન્ટ્રલ બેન્કના માધ્યમથી નિયુક્ત કરાવેલી એજન્સી દ્વારા યુઆઈડી કાર્ડ બનાવવાની કાર્યવાહી શરૂ કરાઈ હતી. પરંતુ એજન્સી અને સરકારી અધિકારીઓ વચ્ચે યોગ્ય સંકલનના આભાવે યુઆઈડી કાર્ડ બનાવી શકાયા છે. જ્યારે અઢીથી ત્રણ લાખ લોકોના યુઆઈડી કાર્ડ બનાવવાના બાકી રહી ગયા છે. જે સમયગાળામાં ભારત સરકાર દ્વારા નવી સુચી બહાર પાડી ૪૦ કરોડ લોકોના યુઆઈડી કાર્ડ નંબર આપવાની યોજના બનાવી છે. પરંતુ આ યોજનામાંથી દાનહને બાકાત રખાયુ છે. સ્થાનિક અધિકારી રમેશભાઈ વર્માએ જણાવ્યુ છે કે સંઘપ્રદેશ પ્રશાસન ભારત સરકારના આદેશ મુજબ ૧લી એપ્રિલથી દાનહના લોકોના એનપીઆર રાષ્ટ્રીય જનસંખ્યા રજીસ્ટેશન નંબર આપવાની યોજના બનાવી રહ્યુ છે જે યુઆઈડી કાર્ડની અવેજી રહેશે.

ભારત સરકારે દેશમાં બે ઓળખ પત્રોની સ્વિકૃતી આપી છે. જેમાં એક યુઆઈડી (આધાર) અને બીજો એનપીઆર રાષ્ટ્રીય જનસંખ્યા રજીસ્ટેશન નંબર છે. હવે દાનહમાં લોકો યુઆઈડીની જગ્યાએ એનપીઆર યોજના ૧લી એપ્રિલથી શરૂ થશે.

# ૮૨મી વર્ષગાંઠે દોલતકાકાએ રાજકારણમાંથી નિવૃત્તિ જાહેર કરી

વલસાડ, તા.૪ : વલસાડના લોકપ્રિય ધારાસભ્ય દોલતભાઈ દેસાઈએ તેમની ૮૨મી વર્ષગાંઠ ઉજવણી પ્રસંગે રાજકારણમાંથી નિવૃત્તિ લેવાની ઘોષણા કરી એક નિષ્વાર્થ સમાજસેવકની ભૂમિકા અદા કરવાની ઈચ્છા વ્યક્ત કરી રાજકારણ છોડ્યા બાદ તેઓ કોઈપણ પક્ષના કોઈપણ વ્યક્તિ ખોટુ કરતો હશે તો તેને ઠપકો આપી શકીશ તેમ જણાવી ગત ચૂંટણીમાં જ તેઓ મુ.મં. નરેન્દ્રભાઈની વિનંતીને કારણે ઉભા રહ્યા હતા. પરંતુ આ વખતે કહેશે તો તમને પણ કહીશ કે હવે મને નિવૃત્ત કરો. તેમણે ત્રણવાર હું નિવૃત્તિ લેવાનો છું તેમ જાહેર કરી સૌને ચોંકાવી દીધા હતા.

લોકલાડીલા ધારાસભ્ય દોલતભાઈ દેસાઈ વલસાડ વિધાનસભામાં પાંચ ટર્મ ચૂંટાઈને લોકસેવામાં ૮૨ વર્ષે પણ પ્રવૃત્ત રહ્યા બાદ આજે તેમના ૮૨મી જન્મદીનની વાઘલધરા ખાતે ગાંધીવાદી અને સમાજસેવક ગફુરભાઈ બિલખીયા, કલેક્ટર લક્ષ્મણભાઈ પટેલ, જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ડીડીઓ પી. ભારતી તેમજ ધાર્મિક સંતો મહંતોની હાજરીમાં ઉજવણી કરવામાં આવતા અનેક લોકોએ તેમને સુદીર્ઘ આપ્યું. તંદુરસ્તી અને સમાજ સેવા અવિરત ચાલુ રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય દોલતભાઈ દેસાઈએ રાજકારણમાંથી નિવત્તિ લેવાની ઘોષણા કરતા જણાવ્યું હતું કે, હવે હું નિવૃત્તિ લેવાનું છું. ગત ચૂંટણીમાં જ મુ.મં. નરેન્દ્રભાઈની વિનંતીને કારણે ચૂંટણી લડ્યો હતો. પરંતુ આ વખતે તેઓ કહેશે તો તેમને વિનંતી કરીશ કે હવે મને નિવૃત્ત કરો. રાજકારણ છોડી એક સક્રિય સમાજસેવકની ભૂમિકા અદા કરવાની તૈયારી કરતા તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, જ્યાં સુધી હું રાજકારણમાં છું ત્યાં સુધી હું બીજા કોઈ પક્ષ કે ભાજપ પક્ષના કોઈપણ વ્યક્તિ ખોટું કામ કરતો હોય તો તેને ઠપકો આપી શકીશ નહીં. જો હું રાજકારણ છોડી દઈશ તો કોઈ પણ પક્ષના રાજકારણને ખોટું કામ કરવા માટે ઠપકો આપી શકીશ.

આજના પ્રસંગે ગાયત્રી પરિવાર દ્વારા ગાયત્રી મહાયજ્ઞ કરાયો હતો. જ્યારે સરીગામની શાંતાબેન હરીભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત લક્ષ્મી વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ તેમના જન્મદિન નિમિત્તે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજીને ૨૪૭ બેગ રક્ત એક્ત્ર કરી અન્યો માટે ઉદાહરણીય થાય તે રીતે જન્મદિનની ઉજવણી કરી હતી.

આ ઉપરાંત આજે વાઘલધરા ખાતે પણ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને રક્તદાતાઓએ રક્તદાન કરી ધારાસભ્ય દોલતભાઈ દેસાઈને જન્મદીનની ભેટ આપી હતી.

## જન્મદિન નિમિત્તે યોજાયેલા રક્તદાન શિબિરમાં કાકાએ રાજકારણમાંથી નિવૃત્તિ લઈ નિષ્વાર્થ સમાજ સેવાની ઈચ્છા દર્શાવી : કેમ્પમાં ૨૪૭ બેગ રક્ત એક્ત્ર થયુ

# ડુંગરીમાં સાત ગાળાની ચાલી આગમાં ભસ્મીભૂત : ૭ થી ૮ પરિવારોને ઘરવખરી, રોકડ વગેરે મળી લાખોનું નુકશાન

કિલ્લા પારડી, તા.૪ : અત્રેના ડુંગરી ગામે બેરવાડ ફળિયામાં આવેલી સાત ગાળાની ચાલીનાં એક ઘરમાં સવારે કોઈક કારણસર આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વરવુ રૂપ ધારણ કરતા આગની લપેટમાં આખી ચાલી આવી ગઈ હતી અને ભસ્મીભૂત થઈ ગઈ હતી. ઝડપથી ફેલાયેલી આગને કારણે ચાલીમાં રહેતા ૭ થી ૮ પરિવારો તેમની ઘરવખરી, રોકડ કે દરદાગીના પણ બચાવી શક્યા ન હતા. પરિણામે આ આગમાં લાખો રૂપિયાનું નુકસાન થયુ છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર પારડી તાલુકાના ડુંગરી ગામે બેરવાડ ફળિયામાં છોટુભાઈ નારણભાઈની ચાલ તથા ખુસાલભાઈ નાગરભાઈની ચાલ તરીકે ઓળખાતી સાત ગાળાની નળીયા વાળી અને કામળાની ભીત વાળી કાચા ઘરની ચાલી આવેલી છે. જેમાં જગદીશભાઈ બાબુભાઈ પટેલ, અરવિંદભાઈ બાબુભાઈ પટેલ, દિપકભાઈ બાબુભાઈ પટેલ, નીલેશભાઈ ગમનભાઈ પટેલ, રમણભાઈ મંછુભાઈ પટેલના મળી ૭ થી ૮ પરિવારો રહે છે. આજે સવારે ૮:૩૦ વાગ્યાના સુમારે જગદીશભાઈ બાબુભાઈ પટેલના ઘરમાં કોઈક કારણસર આગ લાગી હતી.

પરિવારના લોકો કંઈક સમજે તે પહેલા આગે વરવુ રૂપ ધારણ કરી લેતા ચાલીમાં આવેલા અન્ય કાચા ઘરોમાં પણ આગ પકડી લીધી હતી. ચાલીમાં રહેતા લોકો તેમજ આજુબાજુમાં રહેતા લોકોએ પાણી મારી આગ પર કાબુ મેળવવાનો પ્રયત્ન કરવા છતા આગ એટલી બધી ભીષણ હતી કે, જોતજોતામાં આખી ચાલી બળીને ભષ્મીભૂત થઈ ગઈ હતી. આ દરમ્યાન ચાલીમાં રહેતા પરિવારજનો તેમના ઘરમાંથી ઘરવખરી, રોકડ કે દરદાગીના પણ બચાવી શક્યા ન હતા. વાપી તેમજ દમણથી આવેલા બંબાઓએ આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. જેને લઈ આજુબાજુમાં આવેલા મકાનોમાં આગ પ્રસરી ન હતી. પરંતુ આખી ચાલી બળીને ભસ્મીભૂત થઈ ગઈ હતી. સ્થળ પરથી પ્રાપ્ત માહિતી અનુસાર જગદીશભાઈ પટેલ હાલમાં નવુ મકાન બનાવતા હોય તેમના ઘરમાં રોકડ રૂા.૨ લાખ તથા નિલેશભાઈ પટેલના ઘરમાં રોકડ રૂા.૬૦ હજાર હતા. આ ઉપરાંત ઘરવખરી અને દરદાગીના મળી લાખો રૂપિયાનું નુકશાન આ આગમાં થયુ છે.

ઘટનાને પગલે સ્થળ પર પહોંચેલા તલાટી અને સરપંચે પંચકેસ કરી રૂા.૧૮ લાખના નુકશાનની નોંધણી કરી હોવાનું જાણવા મળ્યુ છે. જો કે પરિવારજનો આ નુકશાન નોંધણી કરતા ડબલ હોવાનું જણાવી રહ્યા છે.

# વલસાડ પાલિકામાં પ્રાંતની ટીમ દ્વારા ચકાસણી દરમ્યાન ૧૧ કર્મચારીઓ ગેરહાજર જણાયા

વલસાડ, તા.૪ : વલસાડ નગરપાલિકામાં દર ત્રણ વર્ષે પ્રાંત અધિકારીની ટીમ દ્વારા કરવામાં આવતી વહીવટી તપાસ દરમ્યાન કર્મચારીઓની હાજરી બાબતે પણ અચાનક ચકાસણી કરતા બે દિવસમાં ૧૧ જેટલા કર્મચારીઓ ગેરહાજર હોવાનું બહાર આવતા આ તમામની એલ.સી. મુકી દેવાનો પ્રાંત અધિકારી ડી.એમ. સોલંકીએ હુકમ કરતા બાપની પેઢી સમજી રહેલા પાલિકા કર્મચારીઓમાં ફફડાટ પેસી ગયો હતો.

વલસાડ નગરપાલિકામાં પ્રાંત અધિકારીની ટીમ દ્વારા દર ત્રણ વર્ષે વહીવટી તપાસણી કરવામાં આવે છે. જેમાં ૧ થી ૧૩ પત્રકો જેવા કે પ્રોપટી ટેક્ષ, ભાડા સહિતના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે છે. જેની તા.૨ થી ૪ દરમ્યાન તપાસણી હાથ ધરવામાં આવી હતી. આ દરમ્યાન પ્રાંત અધિકારી ડી.એમ. સોલંકી દ્વારા કર્મચારીઓની હાજરીની પણ અચાનક જ ચકાસણી કરવામાં આવતા તા.૨ અને ૩ ના રોજ પાલિકાના કર્મચારીઓ હેમંત ઢીમ્મર, જીતેન્દ્ર પટેલ, મુકેશ ભગત, રમેશચંદ્ર ભાવસાર, રમેશ એમ. પટેલ, ભરત સી. પટેલ, પ્રવિણ એમ. પટેલ, સુરેશ એમ. પટેલ, પરિમલ જેરામ, હેમંત પટેલ અને ધીરૂભાઈ આહીરની ઓફીસમાં ગેરહાજરી જણાતા પ્રાંત અધિકારી ડી.એમ. સોલંકીએ તેઓ પ્રત્યે કડક અભિગમ અપનાવી તમામની એલ. સી. મુકવા હુકમ કરતા હાજરી પત્રકમાં તમામની લાલ સહીથી એલ.સી. મુકવામાં આવતા આખુ વર્ષ પાલિકા કચેરીએ મોડા આવતા તેમજ ચાલુ નોકરીએ હરતા ફરતા રહેતા કર્મચારીઓમાં ફફડાટ પેસી ગયો હતો.

# ધોબીતળાવની મારામારીમાં હિંસક હુમલો કરનાર શાદાબ શેખ ઝડપાયો

વલસાડ, તા.૪ : ગત મોડી સાંજે ધોળીતળાવ શાપુરનગરમાં જુની અદાવતમાં એક યુવાનને પેટમાં ચપ્પુ ઘુસાડી દેનાર માથાભારે શાદાબ વાહીદ શેખને વલસાડ ટાઉન પોલીસે ઝડપી પાડી જેલભેગો કર્યો હતો. જ્યારે શાદાબે પણ તેના ઘરમાં તોડફોડ કર્યાની ફરિયાદ નોંધાવી હતી.

ધોબીતળાવ વિસ્તારમાં ન્યુસનરૂપ બની ગયેલ માથાભારે મનાતા શાદાબ વાહીદ શેખ અને ઈમરાન બિસ્મીલ્લાહ શેખ વચ્ચે ત્રણેક મહિના પહેલા વોલીબોલ રમત વખતે ઝગડો થયા બાદ ઝપાઝપી થઈ હતી. આ અદાવત રાખી ગત સાંજે શાદાબ શાપુરનગર સ્ટાર પાન સેન્ટર પાસે વોલીબોલ મેચ જોઈ રહેલ ઈમરાન તરફ અચાનક ધસી આવી તેના પેટમાં ચપ્પુ ઘુસાવી દીધુ હતું. જેથી ઈમરાનને તાત્કાલિક સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. આ બનાવને પગલે ગુસ્સે થયેલા લોકોએ શાદાબના ઘરે તોડફોડ કરી હતી. ટાઉન પોલીસે આજે શાદાબ શેખને ઝડપી પાડી જેલભેગો કર્યો હતો. જ્યારે શાદાબે પણ તેના ઘરમાં તોડફોડ કરનારા સામે ફરિયાદ નોંધાવી હતી.

# હાઈવે પર ટ્રકોની તાડપત્રિ કાપી ચોરી કરતી ગેંગનો સૂત્રધાર સુલેમાન ગોધરાથી ઝડપાયો

વલસાડ, તા.૪ : જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્રસિંહ વાઘેલાની સીધી દોરવણી અને માર્ગદર્શન હેઠળ કપરાડા પોલીસ સ્ટેશનના પોસઈ એ.એ. નાબદો અને સ્ટાફે રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર પાર્ક કરવામાં આવતી ટ્રકોની તાડપત્રી કાપી ચોરી કરતી ગેંગના મુખ્ય સુત્રધાર સુલેમાન ઉર્ફ સુલીયો અબ્દુલ ગની આદમ ઉ.વ.૩૪ ને ગોધરાથી ધરપકડ કરી આજરોજ સ્થાનિક ગુના શોધક શાખાના પોસઈ અશોકરાવ પાટીલે કપરાડા પોલીસ સ્ટેશનના ગુનામાં કપરાડા જ્યુ.ડી. ફસ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ રંગવાલાની કોર્ટમાં રજુ કરી રીમાન્ડની માંગણી કરતા દસ દિવસના તા.૧૩/૨/૨૦૧૨ સુધીના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે.

હકિકત એવી હોવાનું જાણવા મળે છે કે, ગઈ તા.૯/૬/૨૦૧૧ના કપરાડા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ફળી ગામે રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.૬૭ ઉપર આવેલ દુલીયા બાફના બ્રધર્સ ટ્રાન્સપોર્ટના ત્રણ ટ્રકો સેલવાસ આલ્ફા પેકેજીંગ કંપનીમાંથી શેમ્પુના બોક્ષ ભરેલ જે ટ્રકોના ડ્રાઈવરો રાત્રિના સમયે ધાબા ઉપર પાર્ક કરી નિંદર લઈ રહ્યા હતા ત્યારે સુલેમાન ઉર્ફ સુલીઓ અબ્દુલ ગની આદમ પોતાની સેન્ટ્રો નં.જીજે ૬ ૫૯૫૨ માં તેમની ગેંગ સાથે આવી પાર્ક કરેલ ટ્રક નંબર એમએચ. ૧૮ એએ ૦૨૭૬ની તાડપત્રી કાપી ૩૩૬ હિન્દુસ્તાન લીવરના શેમ્પુના બોક્ષ રૂા.૨ લાખની ચોરી કરી ટ્રકમાં ભરી લઈ સલામત રીતે ભાગી ગયેલા.

આ અંગે કપરાડા પોલીસ સ્ટેશનમાં તા.૨૦/૬/૨૦૧૧ના રોજ ફરિયાદ નોંધાવામાં આવી હતી. જે અંગે પોલીસ તપાસ ચાલુ હતી તે દરમ્યાન જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્રસિંહ વાઘેલાને તેમના બાતમીદાર દ્વારા બાતમી મળી હતી કે, ટ્રક ઉપરની તાડપત્રી કાપી ચોરી કરનાર ગેંગના મુખ્ય શુત્રધાર સુલેમાન ઉર્ફ સુલીયા અબ્દુલ ગની આદમ ગોધરામાં ફરી રહ્યો છે. જે બાતમીના કપરાડા પોલીસ સ્ટેશનમાં પોસઈ એ.એ. નાબદોને માર્ગદર્શન આપી તેમના સ્ટાફ સાથે રવાના કરતા તેઓ ગોધરાથી પકડી લાવી વધુ તપાસ સ્થાનિક ગુના શોધક શાખાને સોંપવામાં આવતા આજરોજ પોસઈ અશોકરાવ પાટીલે સુલેમાન ઉર્ફ સુલીયાને કપરાડા જ્યુડી. મેજી. કોર્ટમાં રજુ કરી ૧૫ દિવસના રીમાન્ડની માંગણી કરતા નામદાર કપરાડા કોર્ટમાં આરોપીના ગોધરાથી ખાસ વકીલ આવી દલીલો કરતા છેવટે જ્યુડી. ફ. મેજીસ્ટ્રેટની રંગવાલાએ દસ દિવસના તા.૧૩/૨/૨૦૧૨ સુધીના રીમાન્ડ મંજુર કર્યા હતા.

# પારસીવાડની મૃત વૃધ્ધાના અડધા સળગેલા અંગોનું સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાયુ

વલસાડ, તા.૪ : મોટા પારસીવાડમાં ૭૫ વર્ષીય વૃધ્ધાના મૃત્યુ બાદ તેના પતિ અને પુત્રીએ ચાર દિવસ ઘરમાં રાખ્યા બાદ મકાનની ગેલેરીમાં જ તેને સળગાવી મુકવાની ઘટનામાં વલસાડ ટાઉન પોલીસે વૃધ્ધાના અડધા સળગેલા મહત્વના અંગો કબજે લઈ સીવીલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતા. પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવ્યા બાદ આ અંગોને એફએસએલમાં તપાસ અર્થે મોકલવામાં આવનાર હોવાનું પીઆઈ મહેન્દ્રસિંહ ડાભીએ જણાવ્યું હતું.

સનસનાટી મચાવી દેનાર વલસાડ મોટા પારસીવાડમાં રહેતી સવિતાબેન મગનલાલ રાણા ઉ.વ.૭૫ના શંકાસ્પદ મોત તા.૨૯મીએ થયા બાદ તા.૨જીના રોજ ચાર દિવસ રાખ્યા બાદ તેના પતિ મગનલાલ રાણા ઉ.વ.૭૯ અને પુત્રી કૌશિકા ઉ.વ.૪૫ એ પ્રથણ માળની પાછળની ગેલેરીમાં જ તેમની લાશને સળગાવવામાં આવતા આ સમગ્ર અરેરાટી ફેલાવી દે તેવી ઘટના પોલીસ મથક સુધી પહોચ્યા બાદ પિતા પુત્રીના જીઠાણા બાદ સઘન પુછપરછ કરતા સત્ય હકીકત બહાર આવતા ગઈ કાલે ટાઉન પીઆઈ મહેન્દ્રસિંહ ડાભીની હાજરીમાં મગનલાલ ઈશ્વરભાઈ રાણાએ તેમની પત્ની સવિતાબેનના અડધા સળગેલા મહત્વના અંગો ખોપડી, થાપા અને છાતીનો ભાગ એક પ્લાસ્ટીકની કોથડીમાં સંતાળેલ હાલતમાં કાઢતા આ અંગેનો કબજે લઈ સીવીલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા છે અને તેનો રીપોર્ટ આવ્યા બાદ તેને સીલ કરી એફએસએલમાં તપાસ માટે મોકલવામાં આવશે. ત્યારબાદ સવિતાબેનનું કુદરતી મોત નીપજ્યું છે કે, તેમનું ખુન કરવામાં આવ્યુ હતું તેની જાણ થશે. આજે પિતા, પુત્રી મગનલાલ અને કૌશિકાને આવતીકાલે ફરીથી પો.સ્ટે.માં હાજર રહેવાનો સમન્સ આપી જવા દેવામાં આવ્યા હતા.

# વલસાડ શહેરમાં સાઈકલ ચોર ટોળકીથી નગરજનો ત્રસ્ત : મોગરાવાડીમાં ચોરેલી સાયકલ વેચવાનો ચાલી રહેલો વેપલો

વાપી, તા.૪ : વલસાડ શહેરમાં કાર્યરત સાયકલ ચોર ટોળકી દ્વારા દિવસે સ્કૂલો બહારથી અને રાત્રે રહેણાંક વિસ્તારોને ટારગેટ બનાવી સાયકલ ચોરી કરી જતા નગરજનોની ઉંઘ હરામ થઈ ગઈ છે. મોગરાવાડીમાં ચોરેલી સાયકલો વેચવાનો વેપલો ચાલી રહ્યો છે.

છેલ્લા છ સાત મહિનાઓથી વલસાડ શહેર વિસ્તારમાંથી સાયકલ ચોરીના બનાવો વધી ગયા છે. શાળાની બહાર તાળુ માર્યા વગર મુકાયેલી સાયકલો ચોરી કરી જવાના બનાવો બની રહ્યા છે. દિવસ દરમ્યાન સાયકલ ચોર ટોળકી શહેરની સ્કૂલો બહાર મુકાયેલી સાયકલોને નિશાન બનાવે છે. જ્યારે રાત્રિ દરમ્યાન રહેણાંક વિસ્તારોમાં મકાન, એપાર્ટમેન્ટની નીચે પાર્ક કરેલી સાયકલો ચોરાઈ જવાના બનાવો વધી રહ્યા છે. ચોરટાઓ એટલી હદે બિન્દાસ્ત વધી રહ્યા છે કે તાળુ મારેલી સાયકલનું તાળુ જગ્યા પર જ તોડી નાખી સાયકલ ઉપાડી જાય છે.

શહેરના હાલર રોડ પર આવેલી બાઈ આવાબાઈ સ્કૂલ બહારથી વિદ્યાર્થીઓએ પાર્ક કરેલી પાંચ જેટલી સાયકલો છેલ્લા ચાર મહિનામાં ચોરટાઓ ઉઠાવી ગયા હતા. પરંતુ ચોરાયેલી સાયકલો મળવી મુશ્કેલ છે નું સમજી વાલીઓએ પોલીસ ફરિયાદ નોંધાવી નથી. જ્યારે શાળા સંચાલકોએ આ બાબતે ગંભીરતા દાખલી સ્કૂલમાં જાહેરાત કરી વિદ્યાર્થીઓને સાયકલ સ્કૂલના પાર્કિંગમાં જ મુકવી અને લોક કરીને મુકવાની સુચના વિદ્યાર્થીઓને આપી છે. જ્યારે તિથલ રોડ પર આવેલી સરકારી વસાહતના વાય બ્લોક સામે પાર્ક કરેલી નવી નકોર સાયકલ રાત્રિના ૧૨:૦૦ પછી જગ્યા પર જ તાળુ તોડી નાખી ચોરટાઓ ઉઠાવી ગયા હતા. સાયકલ ચોરીના અનેક બનાવો બન્યા છે. પરંતુ સાયકલ ચોરી અંગેની પોલીસ ફરિયાદ અંગે લોકો અણગમો દાખવતા ચોરટાઓ બિન્દાસ્ત બન્યા છે. બીજી તરફ આધારભુત સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ શહેરમાંથી ચોક્કસ ટોળકી દ્વારા સાયકલો ચોરી કરી મોગરાવાડી વિસ્તારના રેલ્વે ગરનાળા નજીકની એક ગલીમાં આ ચોરેલી સાયકલો છુટી પાડી સ્પેરપાર્ટની અદલાબદલી કરી ઓછા ભાવે વેચવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

# વલસાડ સાર્વજનીક કેળવણી મંડળના સ્વ. રમેશચંદ્ર દેસાઈની બીજી પુણ્યતિથિએ વક્તૃત્વ સ્પર્ધાનું કરાયેલું આયોજન

## પ્રતિ વર્ષ સ્પર્ધાઓ યોજવા માટે સ્વ. રમેશચંદ્ર દેસાઈના પરિવારજનોએ રૂા.૨ લાખનું દાન જાહેર કર્યુ


તસ્વીર: બંકિમ દેસાઈ

વલસાડ, તા.૪ : વલસાડ સાર્વજનિક કેળવણી મંડળના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. રમેશચંદ્ર મગનલાલ દેસાઈની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન મંડળ સંચાલિત જીવીડી સાર્વજનિક હાઈસ્કૂલના નેજા હેઠળ યોજવામાં આવ્યું હતું. વકતૃત્વ સ્પર્ધાનો વિષય સ્વામી વિવેકાનંદ એક વિરલ વ્યક્તિ તત્વ હતો.

જેમાં સમારંભના પ્રમુખ સ્થાને શ્રી સાર્વજનિક કેળવણી મંડળના પ્રમુખ વિનોદચંદ્ર દેસાઈ હતા. મંત્રી દોલતભાઈ દેસાઈ, સભ્ય રશેષભાઈ દેસાઈ તથા સ્વ. રમેશચંદ્ર દેસાઈ પરિવારજનો રજનીકાંત દેસાઈ, મિતાલીબેન દેસાઈ તથા અલ્પાબેન દેસાઈ હાજર રહ્યા હતા. સ્પર્ધાના નિર્માયક તરીકે અમૃતભાઈ કે દેસાઈ તથા ભૈરવીબેન દેસાઈએ સેવા બજાવી હતી.

સ્પર્ધાનો શુભારંભ જીવીડી સાર્વજનિક હાઈસ્કૂલની બાળાઓની કર્ણપ્રિય પ્રાર્થનાથી થયો હતો. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય અને સ્વ. રમેશચંદ્ર દેસાઈના ફોટાને પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી. શાળાના નિરીક્ષક જી.જી. ભાયા ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પોથી અને શાબ્દીક સ્વાગત કરી પ્રસંગનું મહત્વ પોતાની વિશિષ્ટ શૈલીથી રજૂ કરી હતી. સ્વર્ગસ્થ રમેશચંદ્ર દેસાઈના પરિવારજનો મિતાબેન દેસાઈ, અલ્પાબેન દેસાઈ તથા મગનકાકા પરિવાર તરફથી આ સ્પર્ધાને દર વર્ષે યોજવા માટે ૨ લાખ રૂપિયા જેવી માતબર રકમનું દાન વલસાડ કેળવણી મંડળને આપ્યું હતું.

સ્પર્ધામાં પ્રથમ ક્રમ કુ. મયુરી વી. મિસ્ત્રી (આર.એમ.એન્ડ વિ.એમ. વિદ્યાલયની) વિદ્યાર્થીએ પ્રાપ્ત કર્યો હતો. દ્વિતીય ક્રમ મિતુલ એન. જોશી (જી.વી. ડી. સાર્વજનિક હાઈસ્કૂલ) વિદ્યાર્થીએ પ્રાપ્ત કર્યો હતો. તૃતિય ક્રમ કુ. રિધ્ધિ પી. ભાનુશાલી (આરએમએન્ડ વિ.એમ. વિદ્યાલય) વિદ્યાર્થીનીએ મેળવ્યો હતો. વિજેતા સ્પર્ધકોને ટ્રોફી અને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. દરેક સ્પર્ધકને આશ્વાસન ટ્રોફી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે કે.એમ. પટેલે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પી.ડી. પટેલ અને આર.બી. પટેલે કર્યુ હતું.

# સરકાર દ્વારા એસ.ટી. તંત્રના દુરપયોગ સામે કોંગ્રેસે આવેદન પત્ર આપ્યું


તસ્વીર: બંકિમ દેસાઈ

વલસાડ, તા.૪ : વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના નેજા હેઠળ આજરોજ વલસાડ તાલુકા કોંગ્રેસ સમિતિ તથા શહેર કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે એસટી તંત્રમાં ભાજપ સરકારના અણઘડ વહિવટ તેમજ ગરીબ મેળા અને સરકારી ઉત્સવોના તમાસામાં એસટી તંત્રના દુરુપયોગ બાબતે તેમજ ભાડામાં બેફામ વધારા બાબતે એસટી ડેપો ઉપર દેખાવા અને સૂત્રોચ્ચાર કરી ત્યાંથી રેલી આકારે જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ધીરૂભાઈ મહેતા, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ધર્મેશ ઉર્ફ ભોલા પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ અલ્કેશ દેસાઈ, વલસાડ નગરપાલિકાના પ્રમુખ રાજુભાઈ પટેલ ઉર્ફે રાજુ મરચા, જિલ્લા કોંગ્રેસના કાર્યકરો રેલી આકારે કલેક્ટરે કચેરીએ જઈ એડીશનલ કલેક્ટર પી.બી. બ્રહ્મભટ્ટને આવેદનપત્ર આપ્યુ હતું.

આવેદનપત્રમાં ગુજરાત સરકારના ગરીબ મેળાઓ અને ઉત્સવોના ટાઈફામાં એસટી તંત્રના દુરઉપયોગને લીધે સામાન્ય પ્રજા મુશ્કેલીમાં મુકાઈ છે અને બસ ભાડામાં થયેલા અસહ્ય ભાડા વધારાનો કોંગ્રેસ વિરોધ કરે છે. આથી પ્રજાના હિતમાં સરકાર તમાસાઓ બંધ કરી એસટી તંત્રનો દુરઉપયોગ કરવાનું બંધ કરી એસટી તંત્રને થતુ કરોડોનું નુકશાન બચાવે તેમ જણાવ્યું છે. આવેદનપત્રમાં આ ઉપરાંત ખાધ્ય તેલોમાં થયેલા અસહ્ય ભાવ વધારા બાબતે ભાજપ સરકારની દોષી ઠેરવવામાં આવી છે. કોંગ્રેસે સરકાર જો તેમની રજુઆત ધ્યાનમાં ન લેશે તો પ્રજાહિતમાં રસ્તા રોકો જેવા કાર્યક્રમો કરશે તેમ જણાવ્યું છે.

# અનાવિલ સમાજ વલસાડ દ્વારા સમૂહ જનોઈનું આયોજન

વલસાડ, તા.૪ : અનાવિલોને સંસ્કાર આપવાના હેતુથી દરવર્ષની જેમ આ વખતે પણ અનાવિલ સમાજ વલસાડ દ્વારા સમુહ જનોઈનુયજ્ઞો પવીતનું આયોજન તા.૨૩-૨-૧૨ના રોજ ઈચ્છાબા અનાવિલ વાડી ખાતે રાખેલ છે. નામ નોંધાવાની છેલ્લી તા.૨૮-૨-૧૨ રહશે. વધુ માહિતી માટે અનાવિલ સમાજના મોભીઓ ચંદ્રકાંત દેસાઈ, હિતેશ દેસાઈ, નિરમડાબેન દેસાઈ, દિનુભાઈ દેસાઈ, પ્રવિણભાઈ દેસાઈ, ભદ્રેશ દેસાઈ તેમજ સમાજના પ્રમુખ પ્રવિણભાઈ દેસાઈ, ઉપપ્રમુખ જનકભાઈ દેસાઈ તથા સર્વ કારોબારી સભ્યોની સમગ્ર અનાવિલોને મોટી સંખ્યામાં ભાગ લેવા માટે જાહેર અપીલ કરવામાં આવે છે.

## પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

**જેનો જન્મ તેનુ મૃત્યુ નિશ્ચિત છે, શરીર નાશ્વંત છે આત્મા અમર છે.**


સ્વ. ભગવતીશંકર બાળકૃષ્ણ પંડ્યા
૧૫/૧૦/૧૯૨૩ - ૦૫/૦૨/૨૦૧૧

આપનો નિસ્વાર્થ, પરોપકારી, મહેનતુ, સત્ય, નિષ્ઠા, મોહ માયાથી પર, સર્વ જીવસૃષ્ટી માટે દયાભાવ રાખવાવાળો સ્વભાવ હમોને હંમેશા યાદ રહેશે. હમો પણ આપના આ જીવનને અનુસર્યે એવા આપના આશિર્વાદ હંમેશા અમારા પર રહે. પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ અર્પે એવી અમારી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

લિ.
દ્વિજેન ભગવતીશંકર પંડ્યા (પુત્ર) હેમાંગી દ્વિજેન પંડ્યા (પુત્રવધુ)
પૂજા દ્વિજેન પંડ્યા (પૌત્રી) છાયા કશ્યપ સેવક (પુત્રી) (દહીસર)
હેમ કશ્યપ સેવક (પૌત્ર) રીટા હેમંતભાઈ દેસાઈ (પુત્રી)
(ચણોંદવાપી) બ્રિન્કી હેમંતભાઈ દેસાઈ (પૌત્રી)
મુ. બ્રાહ્મણ ફળિયાં, કિલ્લા પારડી,
જી. વલસાડ. મો.નં.૯૦૯૯૬૦૯૪૧૧

## હાર્દિક અભિનંદન


શ્રી ઠાકોરભાઈ પટેલ
વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ


અભય જે. નહાર
વલસાડ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ


શ્રી આર.સી. ફળદુ
પ્રદેશ ભાજપ પ્રમુખ

**વાપી શહેર ભાજપના ઉત્સાહી, સેવાભાવી અને કર્મઠ કાર્યકર એવા શ્રી અભયભાઈ જ્યંતિલાલ નહારની વલસાડ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ તરીકે થયેલી નિમણુંક બદલ હમો સૌ આનંદ અને ગર્વની લાગણી અનુભવીએ છીએ. આપ પાર્ટી સંગઠનને વધુને વધુ મજબુત બનાવી પ્રગતિના શિખરો સર કરો તેવી હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન......**

શુભેચ્છક

દિલીપભાઈ યાદવ
વાપી નગરપાલિકા સભ્ય
ચેતનભાઈ કહાર :
વાપી નગરપાલિકા કાયદા સમિતિ ચેરમેન
ભાવેશભાઈ જી. પટેલ :
ઉપસરપંચ નામધા અને જિલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ